# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

બુધવાર ૧૫ એપ્રિલ, ૨૦૨૬



### રિઝોર્ટ પોલિટિક્સ | ભાજપના ‘ઓપરેશન લોટસ’ના ડરથી કોંગ્રેસે અડધોઅડધ ઉમેદવારો રાતોરાત શહેર બહાર ‘અજ્ઞાત’ વાસે

# નડિયાદમાં કોંગ્રેસે 25 ઉમેદવારોને ભૂગર્ભમાં ઉતાર્યા!

**ફોર્મ ખેંચવાની છેલ્લી ઘડીએ સામ-દામ-દંડ-ભેદની નીતિની આશંકાએ હાઈકમાન્ડનો આદેશ**

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

નડિયાદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં મતદાન પૂર્વે જ રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની અંતિમ મુદતના ગણતરીના કલાકો બાકી છે ત્યારે કોંગ્રેસ પક્ષે પોતાના 25 જેટલા ઉમેદવારોને તોડજોડની રાજનીતિથી બચાવવા માટે રાતોરાત અજ્ઞાત સ્થળે ખસેડી દેતા શહેરના રાજકારણમાં ભારે ચકચાર જાગી છે. લોકશાહીના પર્વમાં સત્તાધારી પક્ષ દ્વારા પ્રલોભન અથવા દબાણ લાવીને ઉમેદવારોને મેદાનમાંથી હટાવવાના સંભવિત પ્રયાસોને નિષ્ફળ બનાવવા કોંગ્રેસે આ ‘સર્જિકલ સ્ટ્રાઈક’ કરી હોવાનું મનાઈ રહ્યું છે.

નડિયાદની કુલ 50 બેઠકો પૈકી અડધોઅડધ બેઠકો પર કોંગ્રેસે પોતાના સૈનિકોને સુરક્ષિત કવચ પૂરું પાડ્યું છે. પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર, ફોર્મ ચકાસણી બાદ વિરોધીઓ દ્વારા ઉમેદવારો પર ફોર્મ ખેંચવા માટે દબાણ કરવામાં આવતું હોવાની આશંકા હતી. આથી, પક્ષની એકતા જાળવી રાખવા અને છેલ્લી ઘડીએ કોઈ દગો ન થાય તે માટે હાઈકમાન્ડના આદેશથી તમામ 25 ઉમેદવારોને શહેર બહાર ગુપ્ત સ્થળે રવાના કરી દેવાયા છે. હવે આ ઉમેદવારો ફોર્મ ખેંચવાની મુદત પૂરી થયા બાદ જ સીધા પ્રચાર મેદાનમાં દેખાશે.




નડિયાદના રાજકીય ઈતિહાસમાં છેલ્લા 30 વર્ષથી ભાજપનું શાસન રહ્યું છે. જોકે, આ વખતે કોંગ્રેસના તેવર બદલાયા છે. સામાન્ય રીતે વિધાનસભા કે રાજ્યસભાની ચૂંટણીમાં જોવા મળતું ‘રિઝોર્ટ પોલિટિક્સ’ નડિયાદ પાલિકામાં પહેલીવાર જોવા મળતા રાજકીય વિશ્લેષકો પણ ચોંકી ઉઠ્યા છે. કોંગ્રેસ આ વખતે કોઈ પણ કચાશ રાખવા માંગતી નથી અને ભાજપના ગઢમાં ગાબડું પાડવા મક્કમ હોય તેમ જણાય છે.

આ હાઈવોલ્ટેજ ડ્રામાને પગલે વિરોધી છાવણીમાં પણ દોડધામ મચી ગઈ છે. બીજી તરફ, શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર પણ સતર્ક બન્યું છે. ગુપ્તતા એવી રીતે જાળવવામાં આવી છે કે માત્ર ગણતરીના પદાધિકારીઓ જ આ ઉમેદવારોના સંપર્કમાં છે.

#### આ ઉમેદવારોને ‘સુરક્ષિત’ સ્થળે ખસેડાયા

કોંગ્રેસે જે 25 ઉમેદવારોને અજ્ઞાત સ્થળે મોકલ્યા છે તેમાં મુખ્યત્વે સરોજબેન મેકવાન, કલ્પેશ પ્રજાપતિ, અસ્મિતાબેન પ્રજાપતિ, છાયાબેન પ્રજાપતિ, દીપક વાઘેલા, રમેશભાઈ જાદવભાઈ મકવાણા, રોબિન્સ મેકવાન, મનુભાઈ લોહાણા, ઊર્મિલાબેન મેઘા, કુસુમબેન મંગનાણી, જીગીનીશા કહાર, હિતેન્દ્ર પરમાર, હિતેશ મકવાણા, દીનાબેન રાજપુત, બિપીન પરમાર, કાંતાબેન પરમાર, રજની દવે, શિલ્પા વાઘેલા, નયનાબેન સોઢા, કામિનીબેન કંસારા, રાજેશભાઈ વિઠ્ઠલપુરા, મીનાબેન ચૌહાણ, અમિતભાઈ ચૌહાણ, જીતેન્દ્રસિંહ રાજ અને અલ્પાબેન લખમાણીનો સમાવેશ થાય છે.

#### સત્તાપક્ષના ‘ગઢ’ને બચાવવાની મથામણ

એક તરફ સત્તાધારી પક્ષ પોતાનું શાસન ટકાવી રાખવા એડીચોટીનું જોર લગાવી રહ્યો છે, ત્યારે કોંગ્રેસના આ ‘ભૂગર્ભ’ દાવથી રાજકારણના સમીકરણો બદલાયા છે. શું ભાજપ કોંગ્રેસના આ વ્યુહને તોડી શકશે? કે પછી કોંગ્રેસની આ આક્રમકતા મતદારો પર જાદુ કરશે? તે હવે જોવાનું રસપ્રદ રહેશે.

#### કોંગ્રેસના બે ઉમેદવારો ભાજપમાં જોડાયાં

નડિયાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્વે જ કોંગ્રેસમાં મોટું ગાબડું પડ્યું છે. વોર્ડ નંબર 3ના કોંગ્રેસના બે મહિલા ઉમેદવાર જીગીનીશા કહાર અને કુસુમબેન મંગળાની પક્ષ સાથે છેડો ફાડી ભાજપમાં જોડાયા છે. આ પક્ષપલટાને કારણે ભાજપના ઉમેદવાર પ્રવિણાબેન ટહેલ્યાણી અને જ્યોતિકાબેન તળપદા માટે વિજયનો માર્ગ મોકળો બન્યો છે. આવતીકાલે ફોર્મ ખેંચવાની મુદત પૂર્ણ થયા બાદ ભાજપ આ બેઠકો પર બિનહરીફ વિજેતા જાહેર થશે તે લગભગ નક્કી છે. કોંગ્રેસે આ ઘટનાક્રમ પાછળ ભાજપની આર્થિક સોદાબાજી અને સામ-દામ-દંડ-ભેદની નીતિને જવાબદાર ગણાવી છે. ભાજપે વગદાર હસ્તીઓ દ્વારા ઉમેદવારોને તોડવા મસમોટા પ્રલોભનો આપ્યા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. જે ઉમેદવારો લાલચમાં ન આવ્યા તેમને દબાણમાં લવાયા હોવાની વિગતો ચર્ચાઈ રહી છે. કોંગ્રેસના અગ્રણીઓના મતે સત્તાધારી પક્ષ દ્વારા વહીવટી તંત્રના દુરુપયોગનો જનતા યોગ્ય જવાબ આપશે. આટલા મોટા ફટકા છતાં કોંગ્રેસે દાવો કર્યો છે કે તેમના બાકીના ઉમેદવારો હજુ પણ મેદાનમાં મક્કમ છે. આવતીકાલે ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે હજુ પણ ચોંકાવનારા વળાંક આવવાની શક્યતા છે.

---

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપની તડજોડની નીતિ સફળ

## આણંદમાં ભાજપે ચૂંટણી લડ્યા વગર 25 બેઠક પર કબજો કર્યો

**ફોર્મ પરત ખેંચવાના આજે છેલ્લા દિવસે વધુ બેઠક કબજે કરે તેવી શક્યતા**

(પ્રતિનિધિ) આણંદ તા.14

આણંદ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજકીય ઉથળપાથલના પગલે જોરદાર ગરમાવો આવ્યો છે. ફોર્મ ચકાસમીના દિવસે અનેક ફોર્મ રદ થતાં ભાજપના ઉમેદવારોએ વગર ચૂંટણીએ 25 બેઠક કબજે કરી લીધી છે. તેમાંય બુધવારના રોજ ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે વધુ કેટલીક બેઠક બિનહરીફ થાય તેવી શક્યતા જોવા મળી રહી છે.

આણંદ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાં જ ભાજપના મોવડી મંડળ હરકતમાં આવી ગયું હતું. આ ચૂંટણી જીવતા માટે શામ, દામ, દંડ, ભેદની નીતિ અખત્યાર કરવામાં આવી છે. પ્રથમ ચરણમાં ફોર્મ ભરવાથી લઈ ચકાસણી સુધી રાજકીય સોગઠા બાજીની રમત રમી હતી. સરવાળે ફોર્મ રદ થતાં કરમસદ - આણંદ મનપા, આણંદ જિલ્લા પંચાયત ઉપરાંત તાલુકા પંચાયતો અને નગરપાલિકામાં કુલ 25 બેઠક પર વિજયના પતાકા લહેરાવી દીધાં છે. હવે, બુધવારના રોજ ફોર્મ પરત ખેંચવાનો દિવસ છે. જેના પગલે છેલ્લા બે દિવસથી ઉમેદવારોને ફોડવા માટે કવાયત ચાલી રહી છે. ક્યાંક પ્રલોભન તો ક્યાંક ડરની રાજનીતિ ચલાવવામાં આવી રહી છે. જેના પગલે ફોર્મ ખેંચ્યા બાદ વધુ કેટલીક બેઠક બિનહરિફ થાય તેવી શક્યતાં જોવા મળી રહી છે.

#### આણંદ જિલ્લામાં ત્રણ સો ઉપરાંત ફોર્મ રદ થયાં

આણંદ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સોમવારના રોજ ફોર્મ ચકાસણી દરમિયાન ત્રણ સોથી વધુ ફોર્મ રદ થયાં હતાં. જોકે, તેમાં ડમી ફોર્મનો પણ સમાવેશ થાય છે. કરમસદ - આણંદ મનપામાં 52 ફોર્મ રદ થયાં છે. તેવી જ રીતે વિવિધ નગરપાલિકામાં 32 જેટલા ફોર્મ, આણંદ જિલ્લા પંચાયતમાં 62 ફોર્મ, વિવિધ તાલુકા પંચાયતમાં પણ સવા બસ્સો ઉપરાંત ફોર્મ રદ થયાં હતાં.

---

## પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ આખરે કોંગ્રેસમાં જોડાયા

**અમિત ચાવડાના હસ્તે કેસરીસિંહે ખેસ ધારણ કર્યો**

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

ખેડા જિલ્લાના કદાવર ક્ષત્રિય નેતા અને માતરના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીએ આજે વિધિવત રીતે કોંગ્રેસમાં પ્રવેશ કરી લેતા જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો વ્યાપી ગયો છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ તેમને પક્ષમાં આવકાર્યા હતા.

માતરના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ છેલ્લા લાંબા સમયથી ભારતીય જનતા પાર્ટી સામે બગાવતી તેવર બતાવી રહ્યા હતા અને પક્ષમાંથી સસ્પેન્ડ થયા બાદ પણ જનતાની વચ્ચે રહી સત્તાધારી પક્ષને પડકાર ફેંકી રહ્યા હતા. ખાસ કરીને માતર વિસ્તારમાં પશુપાલકો અને સહકારી ક્ષેત્રના મતદારો પર તેમનો સીધો પ્રભાવ હોવાથી કોંગ્રેસને અહીં મોટો ફાયદો થવાની આશા છે. બીજી તરફ, ભાજપમાં આંતરિક ખેંચતાણ પણ વકરી છે. માતર તાલુકા પંચાયતની બેઠક પર ઉમેદવાર સામે બળવો થતા ભાજપે છેલ્લી ઘડીએ ઉમેદવાર બદલવાની ફરજ પડી છે, જેનાથી સ્થાનિક કાર્યકરોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

કેસરીસિંહ સોલંકી અગાઉ પોતાની જ સરકાર સામે અમૂલ ડેરીમાં ભરતી કૌભાંડ અને વહીવટી ગેરરીતિઓના આક્ષેપો કરીને ચર્ચામાં આવ્યા હતા. વર્ષ 2025માં તેમણે માતર અને લીંબાસી વિસ્તારમાં દારૂબંધીના કાયદાના અમલ સામે ‘જનતા રેડ’ પાડીને પક્ષની શિસ્તનો ભંગ કર્યો હતો, જેને પગલે તેમની સામે પગલાં લેવામાં આવ્યા હતા.

---

### સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના દરોડામાં 11.67 લાખનો ગાંજો ઝડપાયો

## મહેમદાવાદના રૂદણ ગામના ખેતરમાં ‘નશા’ની ખેતી પકડાઈ

**પોલીસે 23 કિલોથી વધુ લીલો-સૂકો ગાંજો અને 105 છોડ સાથે એક શખ્સની ધરપકડ**

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

ખેડા જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે મહેમદાવાદ તાલુકાના રૂદણ ગામમાં ગેરકાયદેસર રીતે ચાલતી ગાંજાની ખેતી પર ઓચિંતો દરોડો પાડી એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે ખેતરમાંથી 11.62 લાખની કિંમતનો ગાંજો અને અન્ય સાધનો મળી કુલ 11.67 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



મહેમદાવાદના રૂદણ ગામની સરસવણી સીમમાં રહેતો પ્રભાત કોદર સોલંકી પોતાના માલિકીના ખેતરમાં ગાંજાનું વાવેતર કરી તેનું વેચાણ કરતો હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. આ માહિતીના આધારે SOGના કાફલાએ પંચોને સાથે રાખી ખેતરમાં દરોડો પાડતા પોલીસને ગાંજાના નાના-મોટા કુલ 105 નંગ છોડ ઉભેલા મળી આવ્યા હતા.

પોલીસ તપાસમાં ખેતરમાંથી 20.780 કિલોગ્રામ લીલો ગાંજો (કિંમત અંદાજે 10,39,000) અને 2.460 કિલોગ્રામ સૂકો ગાંજો (કિંમત 1,23,000) મળી આવ્યો હતો. આમ, કુલ 23.240 કિલોગ્રામ નશીલો પદાર્થ, રોકડ અને મોબાઈલ ફોન સહિત કુલ 11,67,540નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે.વધુ તપાસ તેજ પકડાયેલા આરોપી પ્રભાત સોલંકી વિરુદ્ધ મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ શખ્સ કેટલા સમયથી આ પ્રવૃત્તિમાં સંડોવાયેલો હતો અને આ નેટવર્કમાં અન્ય કયા શખ્સો સામેલ છે, તે જાણવા પોલીસે આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

---

## નડિયાદ મહાનગરપાલિકા ચૂંટણીમાં 31 ફોર્મ રદ થયાં

**ભાજપ-કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ, 118 ઉમેદવારો મેદાનમાં રહ્યાં**

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

નડિયાદ મહાનગરપાલિકાની 13 વોર્ડની 52 બેઠકો માટે યોજાનારી આગામી ચૂંટણીમાં ફોર્મ ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થતા રાજકીય ગરમાવો આવ્યો છે. કુલ 150 ઉમેદવારી ફોર્મમાંથી 31 ફોર્મ ડમી અથવા અમાન્ય ઠરતા હવે 118 ઉમેદવારો હરીફાઈમાં બાકી રહ્યા છે. આગામી બે દિવસ ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા ચાલશે, જેમાં રાજકીય તોડજોડ અને પક્ષપલટાની પૂરી સંભાવના છે.

નડિયાદ મહાનગરપાલિકાની ચૂંટણી મેદાનમાં અત્યારે ભારતીય જનતા પાર્ટીના 52, કોંગ્રેસના 49, આમ આદમી પાર્ટીના 2 અને 15 અપક્ષ ઉમેદવારો નસીબ અજમાવી રહ્યા છે. ભાજપે તમામ 52 બેઠકો પર પોતાના ઉમેદવારો સુરક્ષિત રાખ્યા છે, જ્યારે ત્રણ ફોર્મ ઓછા થતા કોંગ્રેસ હવે 49 બેઠકો પર મર્યાદિત બની છે. ભાજપે પોતાની રણનીતિના ભાગરૂપે દિગ્ગજ ઉદ્યોગપતિઓ દ્વારા કોંગ્રેસના મજબૂત ઉમેદવારોને સમજાવી ફોર્મ પરત ખેંચાવવાની કવાયત હાથ ધરી છે.

નડિયાદ શહેરના રાજકારણમાં અત્યારે કોંગ્રેસના ઉમેદવારોની પીછેહઠ ચર્ચાનો વિષય બની છે. વોર્ડ નં.2 માં રવિન્દ્ર ડાભી ભાજપમાં જોડાઈ જતા કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. મેમુનાબેન કાપડીયા પણ મેદાનમાંથી હટી જવાની તૈયારીમાં હોવાની ચર્ચા ચાલી રહી છે. આમ, ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે અનેક બેઠકો બિનહરીફ જાહેર થાય તેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

---

### 69મી ઓલ ઈન્ડિયા પોલીસ ડ્યુટી મીટમાં 45 શ્વાનોને પછાડી ‘ચેક’ ચેમ્પિયન બન્યો

## આણંદ પોલીસના ડોગ સ્ક્વોર્ડના ‘ચેક’નો રાષ્ટ્રીય ફલક પર દબદબો

**ગુજરાત પોલીસને 16 વર્ષ બાદ ટ્રેકિંગમાં ગોલ્ડ મેડલ અપાવતાં સન્માન કરાયું**

(પ્રતિનિધિ) આણંદ તા.14

ગુજરાત પોલીસના આણંદ ડોગ સ્ક્વોર્ડના ‘ચેક’ નામના નર ડોગે મહારાષ્ટ્રના નાગપુર ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતીને રાજ્યનું અને પોલીસ દળનું ગૌરવ વધાર્યું છે. 16 વર્ષના લાંબા વિરામ બાદ ગુજરાત પોલીસના કોઈ ડોગે રાષ્ટ્રીય સ્તરની પોલીસ ડ્યુટી મીટમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો છે. આ ઐતિહાસિક સફળતા બદલ રાજ્ય પોલીસ વડા ડો. કે.એલ. એન.રાવે ગાંધીનગર સ્થિત પોલીસ ભવનમાં ‘ચેક’ અને તેના હેન્ડલર રમેશ ખાંટને મેડલ અર્પણ કરી સન્માનિત કર્યા હતા.

મહારાષ્ટ્રના નાગપુર ખાતે માર્ચ-એપ્રિલ 2026 દરમિયાન 69મી ઓલ ઈન્ડિયા પોલીસ ડ્યુટી મીટ ચેમ્પિયનશિપ 2025-26નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં દેશભરના વિવિધ રાજ્યોના પોલીસ કે9 સ્ક્વોડ અને પેરામિલિટરી યુનિટ્સના 200થી વધુ ડોગ્સે ભાગ લીધો હતો. આ ઈવેન્ટમાં વિસ્ફોટક શોધ, નાર્કોટિક્સ શોધ અને ટ્રેકિંગ જેવી વિવિધ કેટેગરીમાં શ્વાનોની તીવ્ર બુદ્ધિ અને કાર્યક્ષમતાની કસોટી કરવામાં આવી હતી.

આણંદની ટીમનો ‘ચેક’ ટ્રેકિંગ કેટેગરીમાં સ્પર્ધા માટે ઉતર્યો હતો. આ કેટેગરીમાં દેશભરના કુલ 45 ડોગ્સે ભાગ લીધો હતો, જે તમામમાં ‘ચેક’ શ્રેષ્ઠ સાબિત થયો હતો અને ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ ઉપરાંત, તેણે ઓવરઓલ ટ્રેકિંગ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ પણ જીતીને બેવડી સફળતા હાંસલ કરી છે.

#### આણંદમાં 3 વર્ષ પહેલા ભરતી કરવામાં આવી હતી



આણંદ જિલ્લા ડોગ સ્ક્વોર્ડના સભ્ય તરીકે ‘ચેક’ની ત્રણ વર્ષ પહેલા ભરતી કરવામાં આવી હતી. તે આણંદ આવ્યો ત્યારે કુરકુરિયો હતો. જેને એક વર્ષની ટ્રેક્ટર તરીકે સખત તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં ચોરી, હત્યા, લૂંટ સહિતના ગુનામાં આરોપી દ્વારા છોડવામાં આવેલી વસ્તુ સુંઘી તેના સુધી પહોંચવાનું શિક્ષણ આપવામાં આવે છે. આણંદમાં 3 વર્ષ દરમિયાન પેટલાદના ખડાણા ગામના હત્યા કેસમાં ઉત્કૃષ્ઠ કામગીરીથી ગુનાનો ભેદ ઉકેલાયો હતો.

---

## મહિજમાં બળજબરીથી ફોર્મ ખેંચાવ્યાનો આક્ષેપ

**મહિજમાં ભાજપ દ્વારા લોકશાહીનું હનન : કોંગ્રેસનો આક્ષેપ**

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

ખેડા જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓની ફોર્મ ચકાસણી પ્રક્રિયા દરમિયાન જ રાજકીય માહોલ ગરમાયો છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખે ભાજપ પર સત્તાના જોરે ઉમેદવારો અને તેમના ટેકેદારોને ડરાવી-ધમકાવીને ફોર્મ પરત ખેંચવા મજબૂર કરવાનો ગંભીર આક્ષેપ કર્યો છે.

ખાસ કરીને મહિજ (એસટી અનામત) બેઠકના ઉમેદવાર રમણ તડવીના કિસ્સામાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. કોંગ્રેસના જણાવ્યા અનુસાર, મધ્યરાત્રિએ ભાજપના અનેક લોકોના કાફલાએ ઉમેદવારના ઘરને ઘેરી લઈ દબાણ કર્યું હતું. ભયના માર્યા ઉમેદવારે સ્થાનિક આગેવાનોનો સંપર્ક કરતા તેમને સુરક્ષિત સ્થળે ખસેડાયા હતા, તેમ છતાં આજે સવારે ભાજપના ધારાસભ્ય સાથે મામલતદાર કચેરીએ લાવી નાટ્યાત્મક રીતે તેમનું ફોર્મ પરત ખેંચાવાયું હોવાનો દાવો કરાયો છે.

આ અંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખે ઉમેર્યું હતું કે, ભાજપ બિનહરીફ બેઠકો મેળવવા માટે ‘શામ, દામ અને દંડ’ની નીતિ અપનાવી રહ્યું છે. મતદારોને મળેલા મતાધિકારને છીનવવાનો આ પ્રયાસ લોકશાહીના પર્વ માટે ઘાતક હોવાનું તેમણે જણાવ્યું છે. હાલમાં આ મામલે સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચાઓ જાગી છે.

ખેડામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ દ્વારા બેઠક બિનહરિફ કરાવવા અનેક પ્રકારના કાવા દાવા કરવામાં આવી રહ્યાનો કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

---

## ચારુસેટના વિદ્યાર્થીઓએ બનાવેલા રોબોટ્સે ઇનામો જીત્યા

**નેશનલ લેવલના રોબોફેસ્ટ 5.0માં ચારૂસેટનો દબદબો**

(પ્રતિનિધિ) આણંદ તા.8

ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન ચંદુભાઈ એસ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના વિદ્યાર્થીઓએ ટેકનોલોજી અને ઈનોવેશનના ક્ષેત્રમાં રાષ્ટ્રીય સ્તરે અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે. ગુજકોસ્ટ દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત રોબોફેસ્ટ 5.0 સ્પર્ધામાં સીએસપીઆઈટીની ટીમોએ પોતાની ટેકનિકલ કુશળતાનું પ્રદર્શન કરી એપ્લિકેશન-બેઝ્ડ રોબોટિક્સ કેટેગરીમાં પ્રથમ અને તૃતીય સ્થાન મેળવી કુલ રૂ. 15 લાખના પુરસ્કારો જીત્યા છે.

ચારૂસેટના ઈલેક્ટ્રોનિક્સ, આઈટી અને મિકેનિકલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓએ સાથે મળીને ‘પિનાકા’ નામનો સ્માર્ટ એગ્રીકલ્ચર રોબોટ તૈયાર કર્યો છે, જેને રૂ. 10 લાખનું પ્રથમ ઈનામ મળ્યું છે. આ રોબોટ પૂર્વનિર્ધારિત માર્ગ પર ચાલીને વાવેતર, દવાનો છંટકાવ અને માટીનો ભેજ માપવા જેવી કામગીરી ચોકસાઈપૂર્વક કરી શકે છે. સોલાર પેનલ અને ટિલ્ટ ડિટેક્શન જેવી સુવિધાઓ ધરાવતો આ રોબોટ ખેતીમાં માનવશ્રમ ઘટાડવા માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ ટીમમાં પ્રેમ જોગાણી, દેવ ભાલોડિયા, ખુશી સોનાગરા અને હીત શાહનો સમાવેશ થાય છે, જેમને ડૉ. બ્રિજેશ કુંડાલિયાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.







બીજી તરફ, ‘સર્વ નેત્ર’ નામના સ્માર્ટ સર્વેલન્સ રોબોટે રૂ. 5 લાખના પુરસ્કાર સાથે તૃતીય સ્થાન મેળવ્યું છે. યાશ્વી તન્ના, તિશા મણિયાર, ખુશી ઉધાડ અને કૈવલ શાહની ટીમે ડૉ. જીગર સારડાના માર્ગદર્શન હેઠળ આ સિસ્ટમ વિકસાવી છે. આ રોબોટમાં જીપીએસ આધારિત પેટ્રોલિંગ, ડેપ્થ કેમેરા દ્વારા 3D એન્વાયર્નમેન્ટ પરસેપ્શન અને ગેસ સેન્સર જેવી આધુનિક સુવિધાઓ છે, જે સુરક્ષા ક્ષેત્રે અત્યંત અસરકારક ઉકેલ પૂરો પાડે છે.

આ ઝળહળતી સફળતા બદલ એફટીઈના ડીન ડો. વિજય ચૌધરી અને CSPITના પ્રિન્સિપાલ ડૉ. તૃષિત ઉપાધ્યાયે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે. આ સિદ્ધિ એજ્યુકેશન ક્ષેત્રે રિસર્ચ અને ઈનોવેશન પ્રત્યેની વિદ્યાર્થીઓની પ્રતિબદ્ધતા દર્શાવે છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**